# બક્સરનું યુદ્ધ 1764

Gkgrip

સમય: 22 ઓક્ટોબર 1764

કોની વચ્ચે: અંગ્રેજો અને મીરકાસીમ

જીત: અંગ્રેજોની

કારણ: પ્લાસીના યુદ્ધ પછી મીરઝાફરને નવાબ બનાવ્યો પણ મીરઝાફર નબળા મનનો અને અયોગ્ય સાબિત થયો.અંગ્રેજોએ વધુ અધિકારો મેળવાની લાલચમાં મીરઝાફરને પદભ્રષ્ટ કર્યો.

યુદ્ધ વિષે:

- અંગ્રેજોએ મીરઝાફરને પદભ્રષ્ટ કરી તેના જમાઈ મીરકાસીમને બંગાળનો નવાબ બનાવ્યો.
- મીરકાસીમે કંપનીને મીદનાપોર અને ચિત્તાગોંગ પ્રદેશો ભેટમાં આપ્યા.
- મીરકાસીમે શાસનતંત્રમાં ઘણા સુધારા કર્યા.
- મીરકાસીમ અંગ્રેજોને વફાદાર ન રહેતા પદભ્રષ્ટ કર્યો અને યુદ્ધ કર્યું.
- બદલો લેવાની ભાવનાથી મીરકાસીમ અવધના મુંઘલ બાદશાહ શાહઆલમ આવ્યો હતો.આથી ત્રણેયે સંયુક્ત રીતે અંગ્રેજોનો સામનો કરવાનો નિર્ણય કર્યો.
- 22 ઓક્ટોબર 1764માં સંયુક્ત સેના બક્સરના મેદાનમાં આવી અને અંગ્રેજ સેનાપતિ મુનરોના નેતૃત્વ હેઠળ અંગ્રેજ સેના આવી અને બંને વચ્ચે યુદ્ધ થયું અને તેમાં સંયુક્ત સેનાની હાર થઇ.

બક્સરના યુદ્ધના પરિણામો:

- બક્સરનું યુદ્ધ પૂરું થતા અવધના નવાબ અને મુઘલ બાદશાહ સાથે અલ્હાબાદમાં સંધી થઇ.
- અવધના નવાબે કંપનીને 50 લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું.
- બંગાળ. બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા અંગ્રેજોને પ્રાપ્ત થઇ.
- આ માટે રોબર્ટ ક્લાઈવે બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિ દાખલ કરી.
- આમ દ્વિમુખી શાસન પદ્ધતિના કારણે સમૃદ્ધ બંગાળ કંગાળ બની ગયું.

**Extra Shots:**

1. બક્સરનું યુદ્ધ ક્યારે થયું હતું.
   જવાબ: 22 ઓક્ટોબર 1764
2. બક્સરના યુદ્ધ પછી કઈ મહેસુલ પદ્ધતિ અમલમાં આવી.
   જવાબ: દ્વિમુખી શાસન પદ્ધતિ